પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૫૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૦૬-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ : ઠાકરે સરકાર સંકટમાં

# શિવસેનાના દિગ્ગજ મંત્રી એકનાથ શિંદે ૧૫ શિવસેનાના ધારાસભ્યો, એક NCPના એક અને ૧૪ અપક્ષ ધારાસભ્યો સાથે ગુજરાતમાં

મુંબઈ,

મહારાષ્ટ્રના રાજકારણમાં વિધાન પરિષદ ચૂંટણીના પરિણામો આવ્યા બાદ રાજકીય ભૂકંપ આવી ગયો છે અને કેબિનેટ મંત્રી એકનાથ શિંદે સહિત શિવસેનાના ૩૫ ધારાસભ્યો સાથે પાર્ટીનો સંપર્ક થઈ રહ્યો નથી. આ દરમિયાન શિવસેના નેતા સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે, જેમણે કહ્યું કે ઉદ્ધવ ઠકારે સરકાર પર કોઈ સંકટ નથી. ત્યારે હવે મહારાષ્ટ્ર કેબિનેટ મંત્રી એકનાથ શિંદેના શિવસેનાથી નારાજ થયા બાદ રાજ્યની રાજકીય સ્થિતિ પરિસ્થિતિ બદલાઈ રહી છે. એકનાથ શિંદે પોતાના સમર્થક ધારાસભ્યો સાથે ગુજરાતની હોટલમાં રોકાયેલા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એકનાથ શિંદે સાથે ૨૧ ધારાસભ્ય છે. આ ધારાસભ્યોએ શિવસેના પ્રમુખ અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સમક્ષ શરત મુકી છે.

સૂત્રોના અનુસાર એકનાથ શિંદે સાથે રહેનાર ધારાસભ્યોએ પોતાની શરત મૂકી છે કે કોંગ્રેસ એનસીપી સાથે ગઠબંધ તોડે, તો અમે શિવસેનામાં રહીશું. આ ધારાસભ્યો ઈચ્છે છે કે શિવસેના એકનાથ શિંદેના નેતૃત્વમાં



ભાજપ સાથે સરકાર બનાવે.

શિવસેનામાંથી બળવો કરનાર મંત્રી એકનાથ શિંદેએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે અમે બાલાસાહેબના પાક્કા શિવસૈનિક છીએ. બાલાસાહેબે અમને હિન્દુત્વ શીખવાળ્યું છે. બાલાસાહેબના વિચારો અને ધર્મવીર આનંદ દીઘે સાહેબના શિક્ષણ વિશે સત્તા માટે અમે કોઈને દગો આપ્યો નથી અને ન દગો આપીશું. ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરનાર એકનાથ શિંદેને શિવસેનાએ ધારાસભ્ય દળના નેતા તરીકે હટાવી દીધા છે. ત્યારબાદ સેવરીથી ધારાસભ્ય અજય ચૌધરીને શિવસેના ધારાસભ્ય દળના નેતા બનાવવામાં આવ્યા છે.

સોમવારે યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણી બાદ શિવસેનામાં મોટી ફૂટ પડી ગઈ છે. શિવસેનામાં નંબર બેના નેતા એકનાથ શિંદે પોતાની પાર્ટીથી થોડા દિવસોથી નારાજ છે અને સોમવારે વિધાન પરિષદમાં મતદાન કર્યા બાદ તે પોતાના સમર્થક ધારાભ્યો સુરત નિકળી ગયા, જેના લીધે મહાવિકાસ આઘાડી સરકાર ખતરામાં છે. એમવીએની સહયોગી પાર્ટીઓ સતત બેઠક કરી આ ક્રાઈસિસનો સામનો કરવા વિચાર કરી રહી છે તો બીજી તરફ શિવસેનાના ઘણા નેતા નારાજ એકનાથ શિંદે અને અન્ય ધારાસભ્યો સાથે સંપર્ક કરવાના પ્રયત્ન કરી રહી છે જેથી સરકાર સાથે ખતરો ટાળી શકાશે.

શિવસેનામાં આ ક્રાઈસિસ અચાનક પેદા થયા નથી, પરંતુ ઘણા દિવસોથી એકનાથ શિંદેની નારાજગી સામે આવી રહી હતી, જેને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે નજરઅંદાજ કરી રહ્યા હતા અને હવે તેમની નારાજગીનો વિસ્ફોટ થયો છે.

મહારાષ્ટ્રમાં રાજકીય ઊથલપાથલ વચ્ચે એનસીપી અધ્યક્ષ શરદ પવારે પત્રકાર પરિષદ કરી હતી અને જણાવ્યું હતું કે આ અગાઉ પહેલાં પણ બે વાર આવી સ્થિતિ ઉભી થઈ હતી. એનસીપીમાં કોઈ બગાવત નથી. છેલ્લાં અઢી વર્ષથી સરકાર બરોબર ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં હાલ બદલાવની કોઈ જ જરૂર નથી. મહારાષ્ટ્રમાં સરકાર પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ એક રાજકીય ષડયંત્ર છે. અમારા ધારાસભ્યોએ કોઈપણ પ્રકારનું ક્રોસ વોટિંગ કર્યું નથી. હું આશ્વાસન આપું છું કે, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકારને કોઈ ખતરો નથી, ડરવાની કોઈ જરૂર નથી. એટલું નહીં ઉદ્ધવ સરકારનું પતન થાય તો પણ ભાજપ સાથે ન જવાના સંકેત એનસીપી અધ્યક્ષ શરદ પવારે આપી દીધાં છે. એટલું નહીં શરદ પવારે એ પણ જણાવ્યુંકે, એકનાથ શિંદેની નારાજગી એનસીપીથી નહીં પણ શિવસેનાથી છે. આ મામલે અમે શિવસેનાના નિર્ણયની સાથે રહીશું.આ પહેલાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઉથલપાથલ શરૂ થયા બાદ શિવસેના નેતા સંજય રાઉતે પત્રકાર પરિષદ કરી સ્પષ્ટતા આપી છે. તેમણે જણાવ્યું કે પાર્ટીના કેટલાક ધારાસભ્ય અને એકનાથ શિંદે સાથે સંપર્ક થઈ રહ્યો નથી. જોકે આ સાથે જ તેમણે કહ્યું કે ઉદ્ધવ ઠકારે સરકાર પર કોઈ સંકટ નથી, સરકાર માટે કોઈ વાવાઝોડું કે ભૂકંપ આવશે નહી. સંજય રાઉતે ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધતાં કહ્યું કે ભાજપને સફળતા મળી નથી. તેમણે કહ્યું કે ભાજપ પહેલાં પણ હાથ અજમાવી ચૂકી છે, પરંતુ સફળતા ન મળી અને આ વખતે પણ સફળતા મળી નથી. મહારાષ્ટ્ર સરકારને હલવા નહી દે અને જલદી જ તમામ ધારાસભ્યો પરત આવી જશે. શિવસેનાના ધારાસભ્ય નીતિન દેશમુખની પત્ની પ્રાંજલીએ અલોકા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી છે કે તેમના પતિ ગુમ છે. તેમણે છેલ્લે ૨૦ જૂનના રોજ સાંજે સાત વાગ્યે તેમના પતિ સાથે વાત કરી હતી. ત્યાર પછી તેમના પતિનો ફોન બંધ આવે છે અને તેમની સાથે કોઈ વાતચીત થઈ નથી. પ્રાંજલીએ એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે તેમના પતિને જીવનું જોખમ છે. સુરતની હોટલમાં તબિયત બગડતા નીતિન દેશમુખને સુરત સિવિલમાં સારવાર માટે ખસેડાયા છે.

## મહારાષ્ટ્રમાં સરકાર પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, આ એક રાજકીય ષડયંત્ર છે : શરદ પવાર

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકાર પર ખતરો મંડરાઈ રહ્યો છે. એમએલસી ચૂંટણીમાં ક્રોસ વોટીંગ બાદ મંત્રી અને શિવસેનાના સીનિયર નેતા એકનાથ શિંદે ગુજરાત જતા રહ્યા છે. શિંદેનો દાવો છે કે તેમને ૨૦ ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે. એકનાથ શિંદેનું પગલું શું હશે તેના પર સૌની નજર રહેશે



મહારાષ્ટ્રના રાજકીય સંકટ પર શરદ પવાનું નિવેદન આવી ગયું છે. શરદ પવારે કહ્યું કે મહારાષ્ટ્રમાં આવું ત્રીજીવાર થઈ રહ્યું છે. આ અગાઉ પહેલાં પણ બે વાર આવી સ્થિતિ ઉભી થઈ હતી. એનસીપીમાં કોઈ બગાવત નથી. છેલ્લાં અઢી વર્ષથી સરકાર બરોબર ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં હાલ બદલાવની કોઈ જ જરૂર નથી. મહારાષ્ટ્રમાં સરકાર પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ એક રાજકીય ષડયંત્ર છે. અમારા ધારાસભ્યોએ કોઈપણ પ્રકારનું ક્રોસ વોટિંગ કર્યું નથી. હું આશ્વાસન આપું છું કે, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકારને કોઈ ખતરો નથી, ડરવાની કોઈ જરૂર નથી.

એટલું નહીં ઉદ્ધવ સરકારનું પતન થાય તો પણ ભાજપ સાથે ન જવાના સંકેત એનસીપી અધ્યક્ષ શરદ પવારે આપી દીધાં છે. એટલું નહીં શરદ પવારે એ પણ જણાવ્યુંકકે, એકનાથ શિંદેની નારાજગી એનસીપીથી નહીં પણ શિવસેનાથી છે. આ મામલે અમે શિવસેનાના નિર્ણયની સાથે રહીશું.

એ યાદ રહે કે સોમવારે યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણી બાદ શિવસેનામાં મોટી ફૂટ પડી ગઈ છે. શિવસેનામાં નંબર બેના નેતા એકનાથ શિંદે પોતાની પાર્ટીથી થોડા દિવસોથી નારાજ છે અને સોમવારે વિધાન પરિષદમાં મતદાન કર્યા બાદ તે પોતાના સમર્થક ધારાભ્યો સુરત નિકળી ગયા, જેના લીધે મહાવિકાસ આઘાડી સરકાર ખતરામાં છે.

## ગુજરાતના કોંગ્રેસના તમામ ધારાસભ્યોને દિલ્હીનું તેડું આવ્યું છે

અમદાવાદ,

મહારાષ્ટ્રની રાજનીતિમાં 'ખજૂરાહોકાંડ' સર્જાયું છે. શિવસેનાથી નારાજ થઈ એકનાથ શિંદે સહિત ૩૦થી વધુ ધારાસભ્ય સંપર્ક વિહોણા બન્યા હતા. તેઓ સુરતની એક હોટલમાં રોકાયા છે. હોટલ બહાર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે ત્યારે ગુજરાતના કોંગ્રેસના તમામ ધારાસભ્યોને દિલ્હીનું તેડું આવ્યું છે. અચાનક દિલ્હીથી તેડું આવતા ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોમાં આશ્ચર્ય ફેલાયું છે. ગુજરાત કોંગ્રેસના તમામ ધારાસભ્યોને આવતીકાલ સવાર સુધીમાં દિલ્હી પહોંચવા આદેશ છુટ્યા છે. ઈડી દ્વારા રાહુલ ગાંધીની થઈ રહેલી પૂછપરછ માટે થઈ રહેલા વિરોધમાં સામેલ થવા સૂચના આપી હોવાનું જણાવાઈ રહ્યું છે. પરંતુ અંદરખાને કોંગ્રેસમાં શું ચાલી રહ્યું છે તે કોઈને ખબર નથી. એટલું જ નહીં, ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાએ બે દિવસ દિલ્હીમાં રોકાશે. આ વિશે જાણવા મળતી માહિતી પ્રમાણે, ઈડી દ્વારા રાહુલ ગાંધીની થઈ રહેલી પુછપરછ અંગે કોંગ્રેસ વધુ આક્રમક બની રહી છે.

## તમામ રાજ્યોને કેન્દ્ર સરકારનો નિર્દેશ : હવે બકરી ઈદ પર શહેરોમાં ઘરે કે જાહેરમાં કુરબાની નહીં કરી શકાય

ઈદ પર લોકો જાહેરમાં પશુઓની કુરબાની ના કરે. કુરબાની ન તો ઘરે કરી શકાશે, ન તો જાહેરમાં. કેન્દ્ર સરકારે કહ્યું કે છેલ્લા ઘણા સમયથી જોવામાં આવી રહ્યું છે કે પશુઓને વાહનોમાં બેફામ રીતે ભરવામાં આવે છે. આ તેમની સાથે એક પ્રકારે ક્રૂરતા જ છે. આવા મામલે સંબંધિત લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે.

કેન્દ્ર સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડે તમામ રાજ્યોને જણાવ્યું છે કે બકરી ઈદ પર ઊંટની કુરબાની ન કરવામાં આવે. ઊંટ દેશમાં ભોજન માટે પ્રતિબંધિત પશુઓની શ્રેણીમાં સામેલ છે પણ અનેક જગ્યાએ ઊંટોની કુરબાની કરવામાં આવે છે. આ ઉપરાંત જે રાજ્યોમાં ગૌવધ અપરાધ છે ત્યાં ગાય તથા વાછરડાંની કુરબાની ન કરવામાં આવે. રાજ્યોને જણાવ્યું છે કે કોઈ પણ ગર્ભવતી પશુની પણ કુરબાની ન કરવામાં આવે. જે પશુઓનો ગર્ભ ૩ મહિનાથી ઓછા સમયનો છે તેમની કુરબાની પણ વેટરનરી ડૉક્ટર તરફથી જારી ફિટનેસ સર્ટિફિકેટ વિના નહીં કરી શકાય.

## અગ્નિપથને પડકારતી ત્રીજી અરજી દાખલ, કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી

નવીદિલ્હી,

સેનામાં ભરતીની નવી યોજના અગ્નિપથને પડકારતી બીજી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં અત્યાર સુધીમાં ત્રણ અરજીઓ દાખલ કરવામાં આવી છે. જેમાં અગ્નિપથ યોજના બંધ કરવાની માંગ કરવામાં આવી છે. બીજી તરફ કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરીને કહેવામાં આવ્યું છે કે કોઈ પણ નિર્ણય લેતા પહેલા કેન્દ્રનો પક્ષ પણ સાંભળવો જોઈએ.

અગ્નિપથ યોજનાને લઈને દેશના ઘણા ભાગોમાં વિરોધ વચ્ચે હવે આ મામલો સુપ્રીમ કોર્ટના દરવાજે પહોંચ્યો છે. આ કેસમાં ત્રણ વકીલો દ્વારા ત્રણ પિટિશન દાખલ કરવામાં આવી છે. પ્રથમ બે અરજીઓ એડવોકેટ વિશાલ તિવારી અને એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવી હતી.

એડવોકેટ હર્ષ અજય સિંહે પણ અરજી આપી હતી અને સુપ્રીમ કોર્ટને આ મામલે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી હતી. એડવોકેટ હર્ષે તેમની



રિટ પિટિશનમાં જણાવ્યું હતું કે અગ્નિપથ યોજના હેઠળ ૪ વર્ષ માટે સેનામાં યુવાનોની ભરતી કરવામાં આવે છે, ત્યારબાદ માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને જ કાયમી કરવામાં આવશે. તેમણે દલીલ કરી છે કે જ્યારે અગ્નિવીર તેની યુવાનીમાં ચાર વર્ષની મુદત પૂરી કરશે ત્યારે તે સ્વ-શિસ્ત જાળવી રાખવા માટે ન તો વ્યવસાયિક રીતે કે વ્યક્તિગત રીતે પૂરતો પરિપક્વ હશે. આવી સ્થિતિમાં પ્રશિક્ષિત અગ્નિવીરો ભટકી જવાની ઘણી સંભાવનાઓ છે.

આ પહેલા એડવોકેટ મનોહર લાલ શર્માએ અગ્નિપથ યોજનાને પડકારતી તેમની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે સરકારે સંસદની પરવાનગી વિના સૈન્ય ભરતીની દાયકાઓ જૂની નીતિમાં ફેરફાર કર્યો છે, જે બંધારણીય જોગવાઈઓ વિરુદ્ધ છે. પીટીઆઈ અનુસાર, તેમણે કહ્યું છે કે અધિકારીઓ માટે સેનામાં કાયમી કમિશન છે અને તેઓ ૬૦ વર્ષની ઉંમરે નિવૃત્ત થઈ શકે છે.

જે લોકો શોર્ટ સર્વિસ કમિશન (એસએસસી) હેઠળ સેનામાં જોડાય છે તેમની પાસે ૧૦/૧૪ વર્ષ સુધી સેવા આપવાનો વિકલ્પ હોય છે. તેનાથી વિપરિત, હવે સરકાર યુવાનોને કોન્ટ્રાક્ટ પર રાખવા માટે અગ્નિપથ યોજના લઈને આવી છે. આ યોજના બાદ યુવાનોને તેમનું ભવિષ્ય અંધકારમય લાગી રહ્યું છે. ઠેર-ઠેર દેખાવો થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ૧૪ જૂનના આદેશ અને નોટિફિકેશનને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

અગાઉ ૧૮ જૂને એડવોકેટ વિશાલ તિવારીએ અગ્નિપથ હિંસા કેસની એસઆઈટી તપાસની વિનંતી કરતી જાહેર હિતની અરજી દાખલ કરી હતી.અગ્નિપથ યોજના પર સવાલ ઉઠાવતા, તેમણે તેની તપાસ માટે નિષ્ણાત સમિતિની રચના કરવાની પણ માંગ કરી હતી. અગ્નિપથ યોજના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં એક પછી એક અરજી દાખલ કરવા પર કેન્દ્ર સરકાર વતી ચેતવણી પણ દાખલ કરવામાં આવી છે. જેમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી છે કે કોઈપણ નિર્ણય લેતા પહેલા સરકારનો પક્ષ સાંભળવો જોઈએ. આ અરજીઓ સુપ્રીમ કોર્ટમાં ક્યારે સુનાવણી માટે આવે છે તે જોવાનું રહેશે.

## આસામમાં પૂરનો કહેર યથાવત, મૃત્યુઆંક વધીને ૮૨, હજુ પણ ૪૭ લાખ લોકો પ્રભાવિત

ગોવાહાટી,

ઉત્તર-પૂર્વીય રાજ્ય આસામમાં પૂરના કારણે હાહાકાર મચી ગયો છે. રાજ્યના ૩૫ માંથી ૩૩ જિલ્લા આ કુદરતી આફતથી ખરાબ રીતે પ્રભાવિત છે. માહિતી અનુસાર, ૨૦ જૂન, સોમવારે પૂરને કારણે વધુ ૧૧ લોકોના મોત થયા છે અને આ આંકડો ૮૨ પર પહોંચી ગયો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત રાહત અને બચાવ કાર્ય ચાલુ હોવા છતાં આ આફતના કારણે ૪૭ લાખ લોકો બેઘર બનવા મજબૂર બન્યા છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને રાજ્યના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્મા પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. ગૃહમંત્રી શાહે કેન્દ્રીય ટીમની પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત અંગે પણ વાત કરી છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના બુલેટિન



મુજબ આસામમાં પૂરને કારણે સ્થિતિ ચિંતાજનક છે. જેના કારણે ૪૭ લાખ લોકોના જાન-માલ પર આફત આવી છે. સોમવારે પૂરના કારણે વધુ ૧૧ લોકોના મોત થયા હતા. આ સાથે પૂરમાં મૃત્યુઆંક વધીને ૮૨ થઈ ગયો છે. **ASDMA** અધિકારીના જણાવ્યા અનુસાર, આ દરમિયાન ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પાસેથી રાજ્યની તાજેતરની સ્થિતિ અંગે માહિતી લીધી હતી. છેલ્લા એક સપ્તાહથી દેશનું આ ઉત્તર-પૂર્વીય રાજ્ય પૂરના ભયંકર ખતરા સામે ઝઝૂમી રહ્યું છે. આ રાજ્યના ૩૬ જિલ્લાઓમાંથી ૩૨ જિલ્લાના લોકો પૂરથી પ્રભાવિત છે.

પૂરમાં ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસમાં ત્રણ પોલીસ કર્મચારીઓ દારંગમાં, બે નાગાંવમાં ધોવાઈ ગયા હતા. આ સાથે, કછાર, ડિબ્રુગઢ, હૈલાકાંડી, હોજાઈ, કામરૂપ અને લખીમપુરમાં એક-એક મૃત્યુ નોંધાયા છે.ઉદલગુરી અને કામરૂપમાં બે-બે અને કચર, દરરંગ અને લખીમપુરમાં એક-એક સાથે સાત લોકો ગુમ થયાના અહેવાલ છે.

રાજ્યનો કરીમગંજ વિસ્તાર હોય કે બીજી બાજુ, પાણી જ દેખાય છે. રસ્તાઓ નદી બની ગયા છે અને શેરીઓ તળાવમાં ફેરવાઈ ગઈ છે. લોકોના ઘરોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. જેના કારણે લોકો ઘર છોડીને સલામત સ્થળની શોધમાં ભટકી રહ્યા છે.પૂરની વચ્ચે લોકો બાળકો સાથે કોઈક રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે. કરીમગંજમાં પૂરથી લગભગ એક લાખ લોકો પ્રભાવિત થયા છે. પ્રશાસને લોકો માટે ૭૩ રાહત શિબિરોની સ્થાપના કરી છે. જ્યાં લોકોને પૂરથી બચાવીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. દરમિયાન, આસામ અને મેઘાલયમાં પૂરની આફતને ધ્યાનમાં રાખીને, ગૃહ પ્રધાન અમિત શાહે બંને રાજ્યોના મુખ્ય પ્રધાનો સાથે વાત કરી અને શક્ય તમામ મદદની ખાતરી આપી.

## ફળ, શાકભાજી, લોટ, દૂધ અને મસાલાના વધેલા ભાવે મોંઘવારી વધારી : અહેવાલ

અમદાવાદ,

કેન્દ્રના લેબર બ્યુરોના આંકડાકીય અહેવાલ માં દેશમાં મોંઘવારીની ચિંતા જનક હાલત બતાવવામાં આવી છે અને આમ આદમીનુ જીવન વધુ દુષ્કર થઈ રહ્યું છે તેની પાછળના સચોટ કારણો પણ જાહેર કરવામાં આવ્યા છે.અહેવાલમાં જણાવ્યા મુજબ છેલ્લા થોડાક સમયથી ફળ શાકભાજી લોટ તેમજ દૂધ મસાલા ના ભાવ માં આવેલી ભયંકર સપાટીને કારણે દેશમાં મોંઘવારી વધુ આક્રમક બની છે અને દૂધના ભાવમાં પણ વધારો થયો છે ત્યારે આમ આદમીનુ જીવન વધુ કષ્ટદાયક બની રહ્યું છે. ઉપરોક્ત તમામ ચીજોના ભાવમાં છેલ્લા ઘણા સમયથી ઉત્તરોત્તર વધારો થયો હોવાથી ફુગાવાનો સૂચક આંક વધી રહ્યો છે અને અલગ-અલગ રાજ્યોમાં ફુગાવા માં વધારો જોવા મળી રહ્યો છે અને આ પરિસ્થિતિ ચિંતાજનક પણ બતાવવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મે મહિનામાં કૃષિ અને ગ્રામીણ શ્રમિકો માટે રિટેલ ફુગાવો વધીને ૭ ટકા સુધી પહોંચી ગયો હતો એ જ રીતે કૃષિ શ્રમિકો માટે રિટેલ ફુગાવો ૬.૯૭ ટકા રહ્યો હતો અને એ જ રીતે ગ્રામીણ શ્રમિકો માટે પણ રિટેલ ફુગાવો ખૂબ જ વધી ગયો હતો પરિણામે મોંઘવારી ચિંતાજનક સપાટી પર પહોંચી ગઈ છે. દેશમાં હજારો ખેડૂતો મજૂરો અને રિટેલ મોંઘવારી ભયંકર રીતે ત્રાસ આપી રહી છે અને સતત તેમાં વધારો થઈ રહ્યો છે અને લોટમાં તેમજ શાકભાજી અને દૂધના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે પરિણામે ગ્રામીણ મજૂરો નું જીવન વધુ ત્રાસદાયક બની રહ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા આ પરિસ્થિતિનો સામનો કરવા માટે અલગ-અલગ સ્વરૂપે પગલા લેવામાં આવી રહ્યા છે પરંતુ વર્તમાન સમયમાં ઉપરોક્ત તમામ ચીજોના ભાવ વધારાને કારણે મોંઘવારી વધુ આક્રમક બની ગઈ છે.

## અમદાવાદમાં ૨૫ જૂનથી રથયાત્રાના રૂટ પર દેશભક્તિના ગીતો વાગશે

અમદાવાદ,

કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી ભગવાન જગન્નાથની રથયાત્રા ભક્તો વિના જ નીકળી હતી. પરંતુ આ વખતે કોરોનાના કેસ ઓછા થતાં હવે ભક્તો સાથે ભગવાન જગદીશ નગરચર્ચાએ નીકળશે. અમદાવાદમાં રથયાત્રાના માર્ગો પર કોમી એકતા જળવાઈ રહે તે માટે શહેર પોલીસ દ્વારા તાજેતરમાં એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. તે ઉપરાંત સર્વ ધર્મના લોકોનો રક્તદાન કાર્યક્રમ પણ યોજાયો હતો. અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર લાઉડ સ્પીકરમાં દેશભક્તિના ગીત વગાડવામાં આવશે. શહેરમાં રથયાત્રા પહેલાં અલગ અલગ પ્રકારના ભાઈચારાને લગતાં કાર્યક્રમો યોજવામાં આવશે. તે ઉપરાંત આઈપીએસઅધિકારીઓ પણ વાતાવરણ હળવું બનાવવા અને તણાવ હળવો કરવા માટે સરપ્રાઈઝ વિઝીટ કરશે.તેઓ અલગ અલગ સંવેદનશીલ વિસ્તારમાં જઈને લોકો સાથે વાત કરશે અને સમય વિતાવશે. આ નવતર પ્રયોગ કરવા માટે પ્લાન કરી દેવામાં આવ્યા છે. રથયાત્રાના હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે રથયાત્રાના રૂટ પર હવે એક અનેરો માહોલ જોવા મળશે. દેશભક્તિના ગીતો સાંભળવા મળશે. ૨૫ તારીખની આસપાસ રથયાત્રા રૂટ પર લાઉડ સ્પીકર ગોઠવવામાં આવશે. રથયાત્રાના માર્ગ પર અલગ અલગ દિવસે સ્થાનિકો દ્વારા હિન્દુ મુસ્લિમ ભાઈચારા માટે નાના-મોટા કાર્યક્રમ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારમાં એક દેશભક્તિનો માહોલ બને તે માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણી માટે વિપક્ષે મળીને યશવંત સિન્હાને ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો

નવીદિલ્હી,

દેશના વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈએ સમાપ્ત થવાનો છે. તે પહેલાં ૧૮ જુલાઈએ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થશે. જ્યારે ૨૧ જુલાઈએ મત ગણતરી હાથ ધરાશે. ત્યારે વિપક્ષી પાર્ટીઓની આજે મળેલી બેઠકમાં ટીએમસી નેતા યશવંત સિન્હાને રાષ્ટ્રપતિના ઉમેદવાર બનાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. નોંધનીય છે કે યશવંત સિન્હા પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી સરકારમાં વિદેશ મંત્રી રહી ચુક્યા છે.

તૃણમૂલ કોંગ્રેસના નેતા યશવંત સિન્હાએ મંગળવારે પાર્ટી છોડવાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, તેઓ હવે વધુ વિપક્ષી એકતાના વ્યાપક રાષ્ટ્રીય ઉદ્દેશ્ય માટે કામ કરશે. યશવંત



સિન્હાએ ટ્વીટ કર્યું, "તૃણમૂલ કોંગ્રેસમાં મને આપવામાં આવેલા સન્માન માટે હું મમતાજીનો આભારી છું. હવે સમય આવી ગયો છે કે, જ્યારે વિપક્ષી એકતાના વ્યાપક રાષ્ટ્રીય હેતુ માટે મારે પાર્ટીથી અલગ થવું પડશે.

એનસીપીના વડા શરદ પવારે વિપક્ષી દળોની બેઠક બોલાવી હતી જેમાં આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી પર ચર્ચા કરવામાં આવી હતી. વિપક્ષ છેલ્લા કેટલાક દિવસોથી અલગ અલગ નામો પર ચર્ચા કરી રહ્યા હતાં. પહેલા ફારુક અબ્દુલ્લાનુ નામ સામે આવી રહ્યુ હતુ પરંતુ ફારુક અબ્દુલ્લાએ તેને સ્વીકારવાનો ઈકાર કરી દીધો છે. વિપક્ષમાં ફારુક અબ્દુલ્લા ઉપરાંત શરદ પવાર અને ગોપાલકૃષ્ણ ગાંધીના નામની પણ ચર્ચા થઈ છે

રાષ્ટ્રપતિની ચૂંટણીને ધ્યાનમાં રાખી આજે દિલ્હીમાં વિપક્ષી પાર્ટીઓની એક સંયુક્ત બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચા બાદ યશવંત સિન્હાને રાષ્ટ્રપતિના ઉમેદવાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સિન્હાના નામની જાહેરાત કરી હતી. ૮૪ વર્ષીય યશવંત સિન્હાનો જન્મ પટનામાં થયો હતો. તેઓ હાલ ટીએમસી સાથે જોડાયેલા છે. મહત્વનું છે કે યશવંત સિન્હા પૂર્વ અમલદારશાહ છે અને તેઓ અટલ બિહારી વાજપેયીની સરકારમાં નાણા અને વિદેશ મંત્રી રહી ચુક્યા છે. યશવંત સિન્હાએ ૨૧ એપ્રિલ ૨૦૧૮ના રોજ ભારતીય જનતા પાર્ટી છોડી દીધી હતી.

# મહીસાગર જિલ્લાના ૪ વિશિષ્ટ સ્થળોએ યોગ દિવસની ઉજવણી

લુણાવાડા,
૨૧ મી જૂને વિશ્વ યોગ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે ગીષ્મ સંક્રાંતિ હોય છે. એટલે સૂર્ય પોતાની દિશા બદલે છે. આવા સમયે યોગાભ્યાસ કે યોગ કરવામાં આવે તે સ્વાસ્થ્ય માટે ઘણો લાભદાયક છે.

પ્રાચીન ભારતીય ઈતિહાસમાં યોગનું ઘણું મહત્વ અને સ્થાન હતું ઋગ્વેદમાં પણ યોગનો ઉલ્લેખ જોવા મળે છે. હિન્દુ ગ્રંથ ભગવદ્ ગીતામાં પણ યોગ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવે છે. એટલું જ નહી અહીના છોટે કાશી લુણાવાડા નગરના યોગી લુણનાથે પણ યોગવિદ્યાના કારણે જાણીતા હતા. યોગીનાથ અખાડા લુણેશ્વર અને સંસ્કૃતપાઠ શાળા વર્ષો પહેલા ચાલતી હતી. યોગ વિદ્યા લુણાવાડા નગરમાં વર્ષો પુરાણી છે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ લુણાવાડા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ કર્ણાટકના મૈસૂર પેલેસ ખાતેથી તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોગ દિવસની ઉજવણી નિમિત્તે પ્રસારીત સંદેશનું જીવંત પ્રસારણ થયુ હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ રાજય મંત્રી નિમીષાબેન સુથારની અદયક્ષતામાં મહીસાગર જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાયો હતો. જેમાં શહેરની વિવિધ શાળાઓ, કોલેજના વિદ્યાર્થીઓ, સિનિયર સિટીઝન, સ્વૈચ્છીક સંસ્થાઓ,


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પતંજલી યોગ સમિતિ અને વિવિધ સંગઠનો યોગ કાર્યક્રમમાં જોડાયા હતા. સુપ્રભાતે યોજાયેલા સુંદર નયનરમ્ય વનરાજીની ટેકરીની તળેટીમાં યોજાયેલા યોગ નિદર્શનનો નઝારો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું રાજય યોગ બોર્ડના સભ્યોએ ઉપસ્થિત મહાનુભાવો સહિત હાજર લોકોને વિવિધ આસનો અને પ્રાણાયામ કરાવ્યા હતા. યોગાભ્યાસ કર્યા બાદ શારીરિક અને માનસિક શાંતિ તથા તાજગીનો અનુભવ ઉપસ્થિત સૌ કોઈ એ કર્યો.

આદિજાતિ વિકાસ રાજય મંત્રી નિમીષાબેન સુથારે નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આ વર્ષની યોગ દિવસની યોગા ફોર હ્યુમાનીટી થીમ આધારે યોગ દિન ઉજવાયો હતો. આજના દિવસ પુરતો નહી કાયમ દરરોજ ઘરે બેઠા યોગ કરવાથી સ્વાસ્થ્ય સારૂં તંદુરસ્ત રહે છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યોગ યુનિવર્સિટી અને યોગને આંતરરાષ્ટ્રીય ફલક પર મુકીને હિન્દુસ્તાનની આગવી પહેચાન પ્રસ્થાપિત કરી છે. યોગનો પ્રચાર–પ્રસાર તેમજ ટ્રેનરો દ્વારા વધુ લોકોને જોડાવા પુસ્તકોના માદયમથી ટેકનોલોજીના માધ્યમથી હવે ગામડાની નાનકડી શાળામાં પણ યોગ શિખવાડાય છે. સર્વે સન્તુ નિરામયાની વેદ મંત્રની વિશ્વકલ્યાણની ભાવના ઉજાગર કરવામાં આવશે તો ભારતીય સંસ્કૃતિનો દબદબો વિશ્વમાં ગુંજતો થશે. દેશનું ખમીર ઉજાગર કરવા સૌ સાથે મળી સંકલ્પ બદ્ધ બનીએ. સૌને યોગથી તંદુરસ્ત જીવન અને નિરામય સ્વાસ્થ્યની શુભકામનાઓ પાઠવી.

પ્રારંભમાં જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમારે સૌને આવકારી મન, આત્મા અને શરીરના સ્વાસ્થય માટે રોજ યોગા કરવા જોઈએ તેમ જણાવી યોગને નિયમીત જીવનમાં ઉતારી નિરામય સ્વાસ્થય માટે સૌને સંકલ્પ બદ્ધ થવા અપીલ કરી હતી. મનને પાવન પ્રફુલ્લીત કરતા કાર્યક્રમમાં લુણાવાડા ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, અધિક નિવાસી કલેકટર આઈ.એ.સુથાર સહિત આગેવાનો, શાળા કોલેજના શિક્ષકો, પોલીસ કર્મીઓ, વહીવટી કર્મચારીઓ, દિવ્યાંગો, વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કાર્યક્રમમાં જોડાયા હતા.

જિલ્લા કક્ષાનો લુણાવાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સિનિયર સિટીઝનો તેમજ અગ્રણી નગરજનો મહેસુલ વિભાગ, પોલીસ, શિક્ષણ અને આરોગ્ય સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના કર્મીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ યોગ નિદર્શનમાં ટ્રેનરો દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ સાથે મહીસાગર જિલ્લામાં વિવિધ ધાર્મીક, પ્રવાસન સ્થળો અને તાલુકા મથકો, શાળા, કોલેજોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકોએ, નાગરીકો પ્રસંગે યોગમાં સામેલ થયા હતા.

યોગ દિવસની ઉજવણી પ્રસંગે મહીસાગર જિલ્લામાં ૪ સ્થળોએ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાકાળી માતાનું મંદિર લુણાવાડા, રૈયોલી ડાયનાસોર પાર્ક રૈયોલી, ઐતિહાસિક સ્થળ કલેશ્વરી તેમજ માનગઢ હિલ ખાતે મોટી સંખ્યામાં યોગાભ્યાસ કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## આદિજાતિ વિકાસ મંત્રી નિમિષાબેન સુથારે એકલવ્ય મોડલ રેસિડેન્શીયલ સ્કૂલ, કડાણા અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ગોઠીબની મુલાકાત લીધી

લુણાવાડા,
આદિજાતિ વિકાસ અને આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારે મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની ખાતે કાર્યરત એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કુલની આજ રોજ આકસ્મિક મુલાકાત લઈ શાળાના વર્ગખંડો, લેબોરેટરી, લાયબ્રેરી સહિત સંસ્થાની માળખાકીય સુવિધાઓનું નિરીક્ષણ કરીને સમગ્રતયા વ્યવસ્થાઓનું આંકલન કર્યું. આ વેળાએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી સરકાર દ્વારા સંસ્થામાં મળતી સુવિધાઓ પૃચ્છા કરી સંતોષ વ્યકત



કર્યો હતો. તેમજ તાજેતરમાં જ એસ.એસ.સી. અને એચ.એસ.સી.ના આવેલા બોર્ડના પરિણામમાં કડાણા એકલવ્ય સ્કુલ દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું છે. જે બદલ શાળાના આચાર્ય સહિત સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

મંત્રી સુથારે ત્યારબાદ સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામમાં ભાડાના મકાનમાં ચાલતા સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ મેડીકલ ઓફિસર અને સ્ટાફ સાથે નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાન અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી મકાન અંગે થયેલ કામગીરી બાબતે રચનાત્મક સુચનો કરી માર્ગદર્શિત કર્યા હતા. તેમજ આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય કર્મીઓની કામગીરીનું જાત નિરીક્ષણ કર્યુ હતુ.

## યોગ ભગાવે રોગ વિષય આધારિત વકતૃત્વ સાથે નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

લુણાવાડા,
મહિસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં આજ રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી શાળાના બાળકો અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવી. શાળામાં અસરકારક પ્રાર્થના સંમેલન બાદ યોગ દિવસની ઉજવણીનું આયોજન શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડીના પ્રાસંગિક ઉદ્દબોધન અને શાબ્દિક પ્રવચન બાદ શરૂ કરવામાં આવેલ. આજના દિવસે જિલ્લા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરના લેકચરર એસ.એ રાઠોડ ઉપસ્થિત રહી બાળકોને યોગ કેવી રીતે કરવા, યોગ કરતી વખતે શું ધ્યાનમાં રાખવું, અને યોગ માટેનો યોગ્ય સમય કયો છે, અને નિયમિત યોગ કરવા જેવી વિવિધ બાબતો પર માર્ગદર્શન પૂરૂં પાડેલ. આજના આયોજન મુજબ શાળાના તમામ બાળકોએ યોગ, યોગાસન, પ્રાણાયામ, મુદ્રાઓ વગેરે સામૂહિક રીતે રજુ કરવામાં આવેલ. સૂર્યનમસ્કાર નિદર્શન પણ કરવામાં આવેલ. અત્રેની શાળાના ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોએ વિવિધ આસનો અને યોગ નિદર્શન રજુ કરી ઉપસ્થિત બધા બાળકોને અને મહાનુભાવોને મુગ્ધ કરેલ. આજના દિવસે ધોરણ ૬ થી ૮ ના બાળકોને યોગ ભગાવે રોગ વિષય પર વકૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ. સ્પર્ધામાં પ્રથમ આવનાર બાળકો રાવળ રોહિતભાઈ ભરતભાઈ ધોરણ–૭ અને ખાંટ રાહુલભાઈ મુકેશભાઈ ધોરણ–૭ ને એસ.એ. રાઠોડ તરફથી રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના મદદનીશ શિક્ષક મંગળસિંહ સંગાડા દ્વારા કરવામાં આવેલ.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામમાં ડામોર ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં ૨૧ મી જૂન યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. તેમાં સ્કૂલના આચાર્ય અર્જુનસિંહ પારગી, શિક્ષક જેસીંગભાઈ ડામોર પ્રવાસી શિક્ષક તથા ગામના આગેવાન શંકરભાઈ ડામોર, શૈલેષ ડામોર તેમજ ઘણો દ્વારા બાળકોને યોગ દિવસની ચર્ચા કરી યોગ થી થતાં શરીરના ફાયદા વિશે અને યોગ્ય કરવામાં આવે છે. તેનો અભ્યાસ બક્ષીપંચ મોરચાના પ્રમુખ દિલીપભાઈ વાદી દ્વારા કરવામાં આવ્યું.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાની વજેલાવ ગામની ભૂતવડ પ્રા શાળા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી તથા SMC ના અદયક્ષ ખુમસિગ ડામોરના અદયક્ષ સ્થાને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ કિરણસિંહ ચાવડાનું સન્માન ભૂતવડ શાળાના શિક્ષકો તરફથી રાખવામાં આવ્યું હતું. શિક્ષક જગદીશ, દિપક, વર્ષા પટેલ, નીતા દરજી દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે SMC સભ્યો, ગ્રામજનો બાળકો ઉપસ્થિતિ રહ્યા હતા.

## લુણાવાડા વેરી નદી પાસે કોમર્શીયલ ગેરકાયદેસર બાંધકામને શરતભંગ અંતર્ગત કાર્યવાહી કરાશે

લુણાવાડા,
લુણાવાડામાં વેરી નદી પાસે થઈ રહેલા વાણિજય હેતુસરના ગેરકાયદેસર મકાન બાંધકામ બાબતોને ગત એપ્રિલ માસમાં આ અંગેનો અહેવાલ પ્રસિદ્ધ થતાં તંત્ર હરકતમાં આવ્યુ હતુ અને લુણાવાડા મામલતદાર અને પાલિકાના બાંધકામ વિભાગના કર્મચારીએ સ્થળ મુલાકાત લીધી હતી અને અહેવાલ તૈયાર કરી જિલ્લા તંત્રને અહેવાલ સુપરત કર્યો હતો. આ અહેવાલ અંગે કલેકટર કચેરીના ઈન્ચાર્જ મામલતદાર દ્વારા માર્ગ અને મકાન વિભાગ પાસે રેખા નિયંત્રણનો ભંગ બાબતે બે દિવસમાં સ્પષ્ટ અભિપ્રાય માંગેલ હતો પરંતુ બે માસ બાદ પણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કે તપાસ કરવામાં ન આવતા આ પ્રકરણમાં ભ્રષ્ટાચારની આશંકાઓ સેવાઈ રહી છે. લુણાવાડા મામલતદારે રજુ કરેલ સ્થળ તપાસ અહેવાલમાં મોજે લુણાવાડ રે.સ.નં.૨૨ પૈકી ૧ બિનખેતીવાળી જમીનના પ્લોટ નં.૧૦ તથા પ્લોટ નં.૨૧ વાળી જગ્યામાં નગરપાલિકાએ રહેણાંક હેતુસર આપેલ રજાચિટ્ઠીમાં ગ્રાઉન્ડ સાથે ૨ ફલોરની પરવાનગી આપેલ છે. પરંતુ સ્થળ ઉપર પાલિકાની પરવાનગી વિરુદ્ધ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ સાથે ૨ ફલોર બાંધકામ થયેલ છે અને બાંધકામ વાણિજય હેતુસરનુ જણાઈ આવે છે. બાજુમાં રે.સ.નં.૨૨ પૈકી ૧ બિનખેતીવાળી જમીનના પ્લોટ નં.૧૧ તથા પ્લોટ નં.૨૦ વાળી જગ્યામાં પણ રહેણાંક માટે પરમીશન લીધેલ છે. એલ એન્ડ ટી કંપની દ્વારા રોડ સાઈડમાં પ્લોટ શરૂ થાય ત્યાં સુધી ગટર હતી. વેરી નદીના વ્હેણમાં રૂકાવટ બાબતે મામલતદાર લુણાવાડાને બાંધકામકર્તાઓએ આપેલ જવાબ મુજબ એલ એન્ડ ટી કંપની સાથે પરામર્શ કરી નાળુ નાંખી પુરાણ કરેલ છે. રહેણાંક હેતુસરના બિનખેતીમાં વાણિજય હેતુસરના બાંધકામમાં મામલતદારનતા અહેવાલમાં શરતભંગ સ્પષ્ટ જણાય છે. ત્યારે સમગ્ર પ્રકરણમાં છેલ્લા બે મહિનાથી ધીમી ગતિએ થઈ રહેલ કામગીરીના પગલે ભ્રષ્ટાચારની આશંકાઓ સેવાઈ રહી છે. મહિસાગર જિલ્લામાં અન્ય શરતભંગના કિસ્સાઓમાં સરકાર કરવામાં આવી તે મુજબ કાર્યવાહી થશે કે ભીનુ સંકેલાશે એવા સવાલો ઉભા થઈ રહ્યા છે.

## લુણાવાડા રાધાસ્વામી એજયુકેશન સંસ્થામાં યોગ દિવસની ઉજવણી કરી



લુણાવાડા,
યોગ દિવસ નિમિતે લુણાવાડા ખાતે રાધાસ્વામી એજયુકેશન ઈન્સ્ટિટ્યૂટમા સંસ્થાના સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓ સાથે મળી યોગ દિવસ–૨૦૨૨ની ઉજવણી કરવામાં આવી. સાથે સાથે યોગ વિશે માહિતી પણ આપવામાં આવી હતી. જેવી કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દર વર્ષે ૨૧મી જૂને ઉજવવામાં આવે છે. આ દિવસ વર્ષનો સૌથી લાંબો દિવસ છે અને યોગ પણ વ્યક્તિને લાંબો બનાવે છે. પ્રથમ વખત આ દિવસ ૨૧ જૂન ૨૦૧૫ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. જેની શરૂઆત ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં તેમના ભાષણમાં કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે ‘‘યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની અમૂલ્ય ભેટ છે, તે મન અને શરીરની એકતાનું પ્રતીક છે. માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા, વિચાર, સંયમ અને પરિપૂર્ણતા અને આરોગ્ય અને સુખાકારી માટે સર્વગ્રાહી અભિગમ. તે વિશે નથી. કસરત, પરંતુ પોતાની અંદર એકતાની ભાવના વિશે, વિશ્વ અને પ્રકૃતિની શોધ આપણી બદલાતી જીવનશૈલીમાં આ ચેતના બનીને, તે આપણને આબોહવા પરિવર્તનનો સામનો કરવામાં મદદ કરી શકે છે. તો ચાલો આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અપનાવવાની દિશામાં કામ કરીએ.

## આપની આજ.......

મેષ : લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની રહેશે. વ્યવસાયિક કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે. તમારી અંદર કોઈપણ પ્રકારની હીન ભાવના અનુભવ ન કરો. તમે તમારા સોમ્ય અને સહજ સ્વભાવ દ્વારા કોઈપણ પરિસ્થિતિને પોતાના પક્ષમાં કરવામાં સક્ષમ રહેશો.

વૃષભ : યવસાયિક દૃષ્ટિએ સમય અનુકૂળ છે. તમે તમારી અંદર ભરપૂર આત્મવિશ્વાસ અનુભવ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે. ઘરનું વાતાવરણ સુખમય જાળવી રાખવામાં જીવનસાથીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેશે.

મિથુન : પ્રેક્ટિકલ થઈને કોઈ નિર્ણય લેવાથી ઉત્તમ પરિણામ મળી શકે છે. કાર્યક્ષેત્રમાં બધા કામ યોગ્ય રીતે પૂર્ણ થતાં જશે. આ સમયે યોગ્ય બજેટ બનાવીને રાખો. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે સંયમની જરૂરિયાત છે. તમારો ગુસ્સો તમારા માટે જ નુકસાનદાયક બની શકે છે.

કર્ક : પરિવાર સાથે શોપિંગ તથા હરવા-ફરવાનો પ્રોગ્રામ બનશે. વ્યવસાયિક સ્થળે તમારું વર્ચસ્વ જળવાયેલું રહેશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. આજે તમને કોઈ શુભ સમાચાર મળી શકે છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

સિંહ : ક્યારેક વધારે વિચારવામાં સમય લગાવવાથી પરિસ્થિતિ હાથમાંથી સરકી શકે છે. શરીરમાં દુખાવાની સમસ્યા રહેશે. જીવનસાથીનો તમારા પ્રત્યે ભાવનાત્મક લગાવ તમારા સંબંધને મજબૂત કરશે. આજે તમે આરામ અને મનોરંજનના મૂડમાં રહેશો.

કન્યા : સફળતાના કારણે ક્યારેક તમારી અંદર અહંકારની ભાવના પણ આવી શકે છે. જીવનસાથીના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું. તમારા કર્મ અને ભાગ્ય બંને મળીને તમારા માટે સારી પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહ્યા છે. તમારી ઊર્જાનો ભરપૂર ઉપયોગ કરો.

તુલા : રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. ઘરમાં કોઈ ધાર્મિક આયોજન પણ પૂર્ણ થઈ શકે છે. તમારા સ્વભાવમાં પોઝિટિવિટી જાળવી રાખવા માટે સારા સાહિત્ય તથા સારા લોકોના સંપર્કમાં રહો.

વૃશ્ચિક : પતિ-પત્ની વચ્ચે નાનો વિવાદ રહેશે. પરંતુ તેનાથી સંબંધો ગાઢ બનશે. આ સમયે બનાવેલી યોજના નજીકના ભવિષ્યમાં શુભ અવસર પ્રદાન કરશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

ધન : જૂની નકારાત્મક વાતોને યાદ કરવાની જગ્યાએ વર્તમાન ઉપર ધ્યાન આપો. યોગ અને કસરત કરતાં રહો. પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં તમારે જ બધી વ્યવસ્થા જોવી પડશે. પ્રેમ સંબંધોમાં ગેરસમજના કારણે ભાવનાત્મક અંતર વધી શકે છે.

મકર : આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

કુંભ : આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

મીન : આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

## યોગ માત્ર કોઈ વ્યક્તિ માટે જ નથી, પરંતુ સમગ્ર માનવતા માટે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

મૈસુર,
આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ દિવસ સમગ્ર વિશ્વમાં યોગનું મહત્વ જણાવવા માટે ઉજવવામાં આવે છે. ૨૦૧૪ માં, સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં પ્રથમ વખત, પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને સ્વીકારવામાં આવ્યો. ત્યારથી દર વર્ષે ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે. આજે વિશ્વના સેંકડો દેશોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી છે. દેશના વિવિધ ભાગોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ઘણા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે યોગને વધારાના કામ તરીકે લેવાની જરૂર નથી. આપણે યોગને જાણવો છે, આપણે જીવવું છે, આપણે તેને અપનાવવાનો છે, આપણે ખીલવું પણ છે. જ્યારે આપણે યોગાભ્યાસ શરૂ કરીશું, ત્યારે યોગ દિવસ આપણા માટે યોગ કરવાનું નહીં પરંતુ આપણા સ્વાસ્થ્ય, સુખ અને શાંતિની ઉજવણીનું માધ્યમ બની જશે. પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં આ વખતે આપણે એવા સમયે યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છીએ જ્યારે દેશ આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરી રહ્યો છે, અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે. યોગ દિવસની આ વ્યાપકતા, આ સ્વીકૃતિ એ ભારતની એ અમૃત ભાવનાનો સ્વીકાર છે જેણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને ઉર્જા આપી હતી,

જ્યારે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વ અને પ્રયાસોને કારણે યોગને સમગ્ર દેશમાં માન્યતા મળી રહી છે. આજે વિશ્વ. વડા પ્રધાન મોદીનું વિઝન વ્યક્તિગત સમુદાય, રાષ્ટ્ર અને વિશ્વ માટે આરોગ્ય ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને વિશ્વમાં શાંતિ અને સંવાદિતા સ્થાપિત કરવાનું છે.હવે વૈશ્વિક તહેવાર બની ગયો છે. યોગ માત્ર કોઈ વ્યક્તિ માટે જ નથી, પરંતુ સમગ્ર માનવતા માટે છે. એટલા માટે આ વખતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ યોગ ફોર હ્યુમેનિટી રાખવામાં આવી છે. સામૂહિક યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણે જેમ જેમ આઝાદીના અમૃત પર્વની ઉજવણી કરી રહ્યા છીએ, તેમ યોગ દિવસનું મહત્વ ઘણું વધી જાય છે.

કર્ણાટકના મૈસુર પેલેસ મેદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ કર્યા હતાં તેમની સાથે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ હાજર હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અહીં લગભગ ૧૫૦૦૦ લોકો સાથે યોગાભ્યાસ કર્યો હતો. બીજી તરફ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મુખ્યમંત્રી આવાસ પર આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે કોણાર્ક સૂર્ય મંદિરમાં આયોજિત યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે જ સમયે, યુપીમાં વારાણસીમાં ગંગા ઘાટ પર લોકોએ યોગ કર્યા. દેશમાં વિવિધ સ્થળોએ યોગ દિવસના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે વિવિધ પ્રકારની યોગ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે લખનૌના રાજભવન ખાતે યોગાભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા. યોગીએ કહ્યું કે, ભારતની આ ઋષિ પરંપરાને વિશ્વ સમક્ષ લઈ જવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. તે જ સમયે, ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ પણ ટ્વીટ કરીને યોગ દિવસની શુભેચ્છા પાઠવી હત.પંજાબના અમૃતસરના દુર્ગિયાના તીરથ ખાતે યોગ કાર્યક્રમમાં અનેક લોકોએ ભાગ લીધો હતો. વિશ્વ યોગ દિવસ નિમિત્તે, લોકોએ અમૃતસરના દુર્ગિયાના તીરથના ગોલ બાગ મેદાનમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો. આ દરમિયાન તમામ ઉંમરના લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌએ યોગને જીવનમાં અપનાવવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે લોકો યોગ કરે છે. તે જ સમયે, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસના હિમવીરોએ ૧૬,૦૦૦ ફૂટની ઊંચાઈએ યોગાસન કર્યા હતા. દેશના વિવિધ રાજ્યોમાંથી પણ યોગની તસવીરો આવી રહી છે.ઉત્તરાખંડમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, યોગ ગુરુ રામદેવે હરિદ્વાર સ્થિત પતંજલિ યોગપીઠમાં યોગ કર્યા. ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસના જવાનોએ લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ સહિત ભારત-ચીન સરહદો પર વિવિધ ઊંચાઈવાળા હિમાલયના પર્વતો પર યોગ કર્યા હતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદના યુવાનો સાથે અન્યાય

# હજારો ઉમેદવારો તાલીમબધ્ધ હોવા છતાં સ્થાનિક કક્ષાએ સેનાની એક પણ ભરતી નહીં, સરકાર સામે નારાજગી

**માજી સૈનિક સંગઠને યુવક-યુવતીઓને તાલીમ આપી પ્રશિક્ષિત કર્યા છે ઘણાં ઉમેદવારોએ પોલીસ ભરતીની પણ પરીક્ષા આપેલ છે.**

દાહોદ,

કેન્દ્ર સરકારે સેનામાં ભરતી માટે અગ્નિપથ યોજના જાહેર કરી છે, પરંતુ આ યોજનાનો કેટલાક રાજ્યોમાં વિરોધ થઈ રહ્યો છે. જેમાં વિપક્ષની સક્રિય ભુમિકા જોવા મળી રહી છે. તારીખ ૨૦ જૂનના રોજ ભારત બંધનુ એલાન આપવામાં આવ્યું હતું, પરંતુ દાહોદ જિલ્લામાં તેની કોઈ અસર જોવા મળી ન હતી. સરકાર એક તરફ સેનામાં ભરતી કરવા જઈ રહી છે ત્યારે દાહોદ જિલ્લામાં પ્રશિક્ષિત યુવકો હોવા છતાં જિલ્લા કક્ષાએ કોઈ ભરતી આજ સુધી કરવામાં આવી નથી. જેથી સ્થાનિક કક્ષાએ સેનામાં ભરતી કરવાની માંગ ઉભી થઇ છે.

બીજી તરફ તારીખ ૨૦ જૂનના રોજ આ યોજનાના વિરોધમાં ભારત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. જેથી કેટલાક રાજ્યોમાં તેની આંશિક અસર જોવા મળી હતી પરંતુ ગુજરાતમાં તેની રતીભાર પણ અસર થઇ નથી. તેવી જ રીતે દાહોદ જિલ્લામાં પણ તેની શૂન્યવત અસર વર્તાઇ હતી. તેમ છતાં પોલીસ સવારથી જ એલર્ટ હતી અને રેલવે સ્ટેશને પણ ચાંપતી નજર રાખવામાં આવી હતી. તેવા સમયે દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠનના કાર્યાલયે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

એક તરફ સેનામાં ભરતીની અગ્નિપથ યોજનાને લઈને વિરોધ થઇ રહ્યો છે ત્યારે દાહોદ જેવા આદિવાસી જિલ્લાની વિટંબણા કંઇક ઓર જ જાણવા મળી છે. કારણ કે દાહોદમાં માજી સૈનિક સંગઠન દ્વારા સેના, પેરા મીલીટરી અને પોલીસ વિભાગમાં ભરતી માટે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. માજી સૈનિક સંગઠન તરફથી સત્તાવાર મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે કુલ ૫૦૦૦ જેટલા યુવકો અને ૩૦૦૦ જેટલી યુવતીઓ આવી પરીક્ષાઓ માટેની તાલીમ લઇને સજ્જ થઇને બેઠા છે. તેમાંના ઘણા ઉમેદવારોએ પોલીસભરતીની પરિક્ષા પણ આપી છે.

બીજી તરફ સેનામાં ભરતી માટે જેઓએ તાલીમ લીધી છે તેમના માટે જિલ્લા કક્ષાએ કોઇ તાલીમ યોજાઇ નથી. બીજા સંપન્ન જિલ્લાઓમાં આવી તાલીમો યોજાઇ ચુકી છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ સેનાની તાલીમ યોજાય તો ઘણાં યુવકો સેનામાં જોડાઇ શકે તેમ છે. ત્યારે આશ્ચર્યજનક બાબત એ પણ જાણવા મળી છે કે પડોશી પંચમહાલ જિલ્લામાં સેનાની ભરતી માટેની તારીખ પણ મળી ગઇ હતી, પરંતુ છેલ્લી ઘડીએ તે ભરતી પણ રદ કરવામાં આવી હતી. ત્યારે જિલ્લાના આદિવાસી યુવકો સ્થાનિક કક્ષાએ ભરતી થાય તેની રાહ જોઈને બેઠા છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : દાહોદ જિલ્લામાં ૩.૩૧ લાખથી વધુ લોકોએ કર્યા યોગ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર દાહોદ જિલ્લો યોગમય બન્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળે યોજાયેલા જિલ્લા, તાલુકા કક્ષા તેમજ શાળાઓ, મહાવિદ્યાલયો ખાતેના યોગ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જિલ્લાના ૩૩૧૪૧૦ થી વધુ લોકો વિવિધ સ્થળે યોજાયેલા યોગ કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને ફીટ ઈન્ડિયાની નેમ સાકાર કરવા કટિબદ્ધતા દાખવી હતી.

દાહોદમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ૩૨૧૦ લોકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, યોગ એ સ્વસ્થ અને નિરામય જીવન માટે અતિઆવશ્યક છે. યોગને આપણી જીવનશૈલીનો ભાગ બનાવી લેવો જોઈએ. ભારતના ઋષિમુનિઓ દ્વારા નિર્મિત યોગ વિદ્યા હવે સમગ્ર વિશ્વમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંનિષ્ઠ પ્રયાસને કારણે સ્વીકૃત બની છે.

આધુનિક જીવનશૈલીને કારણે શારીરિક પરિશ્રમ ઘટયો છે અને માનસિક તનાવ વધ્યો છે. ત્યારે યોગ થકી શારીરિક કષ્ટ દૂર થશે તેમજ માનસિક શાંતિ પણ મળશે. સ્વસ્થ તન અને સ્વસ્થ મન માટે આપણે યોગને દૈનિક જીવનશૈલીનો ભાગ બનાવીને નિયમિત રીતે યોગ કરવા જોઈએ. કોરોનાના કપરા સમયમાં પણ નિયમિત યોગઅભ્યાસ કરનારા લોકોએ કોરોનાને સરળતાથી મ્હાત આપી હતી. કોરોના બાદ લોકોમાં સ્વાસ્થ પ્રત્યે જાગૃત્તિ વધી છે. ત્યારે વધુમાં વધુ લોકોએ યોગને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવી લેવો જોઈએ.

આ વર્ષે આપણે માનવતા માટે યોગની થીમ ઉપર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહ્યાં છે. ત્યારે માનવતાને વધુ ઉંચા મુકામ પર લઇ જવા માટે ઉચ્ચ જીવનમૂલ્યોને અપનાવવા જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્ણાટકનાં મૈસુરથી દેશવાસીઓને સંબોધન કરી યોગ દિવસની શુભકામનાઓ પાઠવી યોગનું મહત્વ સમજાવ્યું હતું. રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અમદાવાદના સાબરમતી રિવફ્રન્ટ ખાતે ઉજવવામાં આવ્યો હતો અને જિલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં સૌએ વડાપ્રધાન અને મુખ્યમંત્રીનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

જિલ્લામાં આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ યોગ સાથે જોડાયેલી સંસ્થાઓ પણ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થઇ હતી. વિદ્યાર્થીઓમાં પણ યોગ માટે ઉત્સાહ જોવા મળ્યો હતો અને શાળાના પરિસરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા. વિશ્વ યોગ દિવસે જિલ્લા મથકે કુલ પાંચ સ્થળે, તાલુકા દીઠ બે સ્થળે તેમજ નગરપાલિકા દીઠ બે સ્થળે ઉજવણી કરાઇ હતી. તેમાં પણ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત રાજયમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ આઈકોનિક સ્થળો નક્કી થયા છે. જે પૈકી દાહોદ જિલ્લામાં પુરાતન શિવ મંદિર બાવકા ખાતે વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા. અહીં ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓ યોગ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોર, એએસપી જગદીશ બાંગરવા, એમ.ડી.એમ નાયબ કલેકટર ફાલ્ગુન પંચાલ, જિલ્લા રમત ગમત અધિકારી વિરલ ચૌધરી, ડીવાયએસપી પરેશ સોલંકી, ડીવાયએસપી બેન્કર સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસકર્મીઓ, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામા નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.


દાહોદમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી અને જિલ્લામાં ૩.૩૧ લાખથી વધુ લોકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજયમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે આઝાદી કા અમુત મહોત્સવ અંતર્ગત ૭૫ આઈકોનિક સ્થળો નક્કી કરાયા હતા. તેમાં દાહોદના પુરાતન શિવ મંદિર બાવકા ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. અહીં ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા. વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે રાજયના ૭૫ આઈકોનિક સ્થળોમાં સમાવેશ પામેલા બાવકા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. સવારના ખુશનુમા માહોલમાં ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓએ અહીં યોગાભ્યાસ કરતા મનોરમ દશ્યો સર્જાયા હતા.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાની માધ્યમિક શાળા ખાતે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમગ્ર જિલ્લામાં ઉજવણી કરવામાં આવી હતી. તેમજ ગરબાડા માધ્યમિક શાળા ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મામલતદાર ગરબાડા પી.એસ.આઇ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ પોલીસ સ્ટાફ શાળાના શિક્ષકો તેમજ યોગ ટ્રેનરો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. યોગ ટ્રેનિંગ કર્યા પછી ગરબાડા મામલતદાર અને ગરબાડા આર.એફ.ઓ. દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તે સિવાય પણ તાલુકામાં અનેક જગ્યાએ શાળાઓમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી





લીમખેડા,

લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં ૨૧ જૂનના દિવસે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના શિક્ષકો અને બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને વિવિધ યોગ કર્યા. શાળાના શિક્ષકોએ આજના દિવસે બાળકોને યોગ કરવાનું મહત્વ સમજાવ્યું તથા પરમારના ખાખરિયા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના CHO બહેનદ્વારા બાળકોને વિવિધ યોગ કરાવવામાં આવ્યા અને બાળકોને યોગ વિશે માહિતી અને યોગ થી થતા ફાયદા વિશે પણ બાળકોને માહિતી આપી.

# દે.બારીયાના બૈણા ગામે પુત્રને કામ ધંધો કરવાનું કહેતા કળીયુગી પુત્રએ પિતાને ધારીયાના ઘા ઝીંકી હત્યા કરી



દાહોદ,

કામધંધો કરવાનું કહેનાર પિતા સાથે કળીયુગના શ્રવણે ઉગ્ર બોલાચાલી કરી પિતાના કપાળમાં, છાતીના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ધારીયાના ઘા ઝીંકી પિતાને મોતને ઘાટ ઉતાર્યાનો ચકચારી બનાવ દે.બારીયા તાલુકાના બૈણા ગામના જુના ફળીયામાં ગત રાતે બનવા પામ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના બૈણા ગામના જુના ફળીયામાં રહેતા બચુભાઈ નાયકનો છોકરો ભારતભાઈ બચુભાઈ નાયક કોઈ કામ ધંધો કરતો ન હોઈ અને આખો દિવસ ઘરે બેસી રહેતો હોવાથી તેના પિતાએ ગઈ કાલે રાતે ભારતભાઈને તુ કોઈ કામધંધો કરતો નથી અને ઘરે જ બેસી રહે છે. એના કરતા કોઈ કામધંધો કરતો હોય તો સારૂ લાગે. તેમ કહેતા પિતા બચુભાઈની કામધંધો કરવા બાબતની ટકોર સાંભળી પુત્ર ભારતભાઈ એકદમ ઉશ્કેરાયો હતો અને પિતા બચુભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો–તકરાર કરી ક્રોધાવેશમા આવી તેના હાથમાંના લાકડાના હાથાવાળા લોખંડના ધારીયાના ઘા પિતા બચુભાઈને કપાળના ભાગે, છાતીના ભાગે તથા શરીરના અન્ય ભાગોમા મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતારી નાસી ગયો હતો. આ સંબંધે બૈણા ગામના ગુના ફળીયામા રહેતા ભારતભાઈ બચુભાઈ નાયકે નોંધાવેલ ફરીયાદને આધારે દે.બારીયા પોલીસે પિતાના હત્યારા કળીયુગના શ્રવણ એવા ભારતભાઈ બચુભાઈ નાયક વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટી ઢઢેલી ગામના સરપંચે પ્રા.આ. કેન્દ્ર મોટી ઢઢેલીમાં પ્રસૃતિ કરાવી


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના આરોગ્ય કેન્દ્ર મોટી ઢઢેલી ખાતે ગામના પ્રથમ નાગરિક એવા મોટી ઢઢેલી ગામના સરપંચ મનિષાબેન મિનેષભાઈ કટારા એ પોતાની પ્રસૃતિ મોટી ઢઢેલી ગામમાં જ આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી ઢઢેલીમાં કરાવડાવી હતી. આજે સવારે ૪.૩૦ વાગે અચાનક પ્રસૃતિનો દુખાવો થતા તેઓ પ્રા.આ.કેન્દ્ર પર પહોંચી ગયા હતા. પ્રા.આ.કેન્દ્ર પર રાત્રિમાં પણ સ્ટાફ નર્સ બેન અને સ્ટાફ હાજર હોય છે. તો તેમની સફળ નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી. જેમાં એમને ૩ કિલો ગ્રામની બાળકીને જન્મ આપ્યો હતો. માતા અને બાળક બન્નેની તબીયત સારી હતી. સરપંચ એ મેડીકલ ઓફિસર ડૉ. સુરેશ વી.આમલીયાર, સ્ટાફ નર્સ નિલમબેન ચૌહાણ, કિંજલબેન પરમાર અને પ્રા.આ.કેન્દ્ર મોટી ઢઢેલી સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો અને ગામની સગર્ભા બહેનોને પ્રા.આ.કેન્દ્ર પર પ્રસૃતિ કરાવવા માટેનો સંદેશો આપ્યો હતો.

# દાહોદના કઠલા ગામથી પરણિત શિક્ષિકાનું અપહરણ કરતાં શોધી કાઢવા રજુઆત

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે એક શિક્ષક દ્વારા એક પરણિત શિક્ષિકાને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં ભગાડી લઈ નાસી જતાં આ સંબંધે કઠલા ગામના ગ્રામજનો દ્વારા બંન્નેને શોધી કાઢવા કાયદેસરની કાર્યવાહી કરવા સારૂં દાહોદ જિલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી જુનના રોજ દાહોદ તાલુકાના કઠલા ગામે આવેલ પ્રાથમીક શાળામાં ફરજ બજાવતો શિક્ષક દિપકભાઈ નંદકિશોર ડીંડોળ દ્વારા પોતાની જ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી એક પરણિત શિક્ષિકાને લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં દાહોદ શહેરમાંથી અપહરણ કરી ભગાડી લઈ નાસી ગયો હતો. આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે લેખિત રજુઆત પણ કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી બંન્નેનો કોઈ પત્તો ન લાગતાં આજરોજ કઠલા ગામના આગેવાનો અને ગ્રામજનોએ દાહોદ જિલ્લા પોલીસ વડાને આ મામલે લેખિત રજુઆત કરી બંન્નેને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

## દાહોદ જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં

# તા. ૨૩ થી ૨૫ જુન દરમ્યાન કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨ કાર્યક્રમ યોજાશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં આગામી તા.૨૩ થી ૨૫ જુન દરમ્યાન કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૨ કાર્યક્રમ યોજાશે. જેમાં બાળકોના ૧૦૦ ટકા નામાંકન થાય એ માટે જિલ્લાના તમામ પદાધિકારીઓ તેમજ અધિકારીઓ જોડાશે. જિલ્લાની ૧૬૪૭ શાળાઓને આ ત્રણ દિવસમાં ૧૫૦ રૂટ થકી આવરી લેવાશે અને બાળકોને પ્રોત્સાહક વાતાવરણમાં શાળા પ્રવેશોત્સવ કરાવાશે તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખે અહીંના બીઆરસી ભવન ખાતેના સભાખંડમાં પત્રકારોને માહિતી આપતા જણાવ્યું છે. છેલ્લા દોઢેક વર્ષથી કોરાનાને કારણે શૈક્ષણિક કામગીરી અવરોધાઇ હતી. જે હવે શાળાઓ શરૂ થતા બાળકોને સરસ પ્રોત્સાહક વાતાવરણમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે. જિલ્લાના તમામ બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય એ રીતનું સુદૃઢ આયોજન કરાયું છે. રાજ્યકક્ષાએથી પણ આ કાર્યક્રમ માટે વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા ઉપરાંત આઇએએસ અધિકારી તેમજ ઉચ્ચ અધિકારીઓ સહિતના ૧૦ અધિકારીઓની નિમણુંક કરાઇ છે.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૨ કાર્યક્રમ અંતર્ગત ત્રીદિવસીય કાર્યક્રમમાં જિલ્લામાં શાળામાં પ્રવેશપાત્ર ૫૩૪૯૩ બાળકો છે. અત્યાર સુધીમાં ૩૫૮૯૮ બાળકોનું નામાંકન કરાયું છે. જેમાં ૧૮૪૭૪ કુમાર અને ૧૭૪૨૪ કન્યાઓ છે. અને આ ત્રણ દિવસના કાર્યક્રમ થકી નામાંકન ૧૦૦ ટકા પહોંચાડવાના લક્ષ સાથે કામગીરી કરાશે. આ ત્રણ દિવસો ઉપરાંત બાકીની શાળાઓમાં પણ શનિવારે પ્રવેશ માટેની કામગીરી કરાશે. જેથી આ કાર્યક્રમ તમામ શાળાઓ સુધી પહોંચી શકે. આ કાર્યક્રમમાં જિલ્લાના તમામ પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, આગેવાનો તેમજ તમામ અધિકારીઓ પણ જોડાશે. આ પ્રવેશોત્સવમાં કાર્યક્રમનું સંચાલન પણ બાળકો જ કરશે અને તેમનું પ્રવેશોત્સવ સમયે સરસ સ્વાગત કરીને ઉત્તમ વાતાવરણ પુરૂ પડાશે.

બાળકોને પ્રોત્સાહન આપવા માટે કેટલાંક દાતાઓ દ્વારા ઉત્તમ કામગીરી કરાઇ રહી છે. બાળકોને નોટબુક, પેન્સીલ બોક્સ, શુઝસ સહિતની શૈક્ષણિક કીટસ અપાઇ રહી છે. જેથી બાળકો પ્રોત્સાહિત થાય. સમાજના અગ્રણીઓ આ ઉમદા કાર્યમાં સહભાગી થાય એમ પણ પારેખે જણાવ્યું હતું. જિલ્લામાં ડ્રોપઆઉટ રેશિયો પાછલા વર્ષોની તુલનામાં નોંધપાત્ર ઘટયો છે. વર્ષ ૨૦૦૨–૦૩ માં ૧૨.૨૯ ટકા ડ્રોપઆઉટ રેશિયો હાલમાં વર્ષ ૨૦૨૧–૨૨માં ૦.૩૨ ટકા પહોંચ્યો છે તેમ પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ઉમેર્યું હતું. આ કાર્યક્રમની સાથે સાથે આરોગ્ય વિભાગ દ્વારા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને કોરોનાની વેક્સિન આપીને સુરક્ષિત કરવા માટેનું વિશેષ અભિયાન પણ યોજાશે તેમ તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વર્ષ–૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલા આગામી તા. ૨૩ થી ૨૫ જૂન–૨૦૨૨ દરમ્યાન યોજાશે.

# સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત ક્રિકેટ ટુર્નામેન્ટ સમાપન સમારોહ સીટી ગ્રાઉન્ડ દાહોદ ખાતે યોજાયો




દાહોદ,

દાહોદ જિલ્લામાં સાંસદ જસવંતસિંહ ભાભોર આયોજીત સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત ક્રિકેટ ટુર્નામેન્ટ સમાપન સમારોહ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરની અદયક્ષતામાં સીટી ગ્રાઉન્ડ દાહોદ ખાતે ગત રોજ યોજાયો હતો. ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેનારા ખેલાડીઓને મહાનુભાવોએ સન્માનપત્ર આપીને બિરદાવ્યા હતા. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા સહિતના મહાનુભાવો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.254

# પંચમહાલ જિલ્લાના ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં વિવિધ સ્થળો પર માનવતા માટે યોગ થીમ પર અધારીત ૮ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાની ઉજવણી ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. જેમાં ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિન પટેલ, જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા,જિલ્લા ન્યાયાધીશ, જિલ્લા વિકાસ અધીકારી સહીત જિલ્લા વહીવટી તંત્ર, પોલીસના જવાન અને મોટી સંખ્યામાં વિદ્યાર્થિઓ તથા નાગરીકોએ ઉપસ્થિત રહીને હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં યોગમાં ભાગ લીધો હતો.

આજે જિલ્લાની શાળાઓ અને કોલેજોમાં મોટી સંખ્યામા વિદ્યાર્થીઓ અને લોકોએ ભાગ લીધો હતો. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર રાજયામાં ૭૫ આઈકોનીક સ્થળો પર યોગ દિવસની ઉજવણી કરાઈ છે. જેમાં પંચમહાલ જિલ્લામાં મહાકાળી મંદીર પાવાગઢ, ચાંપાનેર-જામી મસ્જિદ તથા જાંબુઘોડા વાઈલ્ડ લાઈફ સેન્ચુરી, ધનપરી સહિત વિવિધ સ્થળોએ પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.





ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૬ વાગ્યે ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ધારાસભ્યએ પોતાના પ્રાસંગીક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી સંસ્કૃતિને આગળ ધપાવવા વિશ્વ ફલક પર યોગને ફેલાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. જેનો સંપૂર્ણ યશ પ્રધાનમંત્રીને જાય છે. આ સાથે તેમણે જિલ્લાવાસીઓને યોગદિવસની ઉજવણી સંદર્ભે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

યોગ ભારતની પ્રાચીન પરંપરાની અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર, વિચાર અને કાર્ય, સંયમ અને પૂર્તિ વગેરેની વચ્ચે ઐક્ય આણે છે, માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા સર્જે છે, તે આરોગ્ય અને સુખાકારી તરફ સર્વાંગીણ અભિગમ છે. તે માત્ર કસરત જ નથી પરંતુ પોતાની જાત, વિશ્વ અને પ્રકૃતિ સાથે ઐક્યની સમજ શોધવાનો પ્રયાસ છે. આપણી જીવનશૈલી બદલીને ચેતના સર્જે છે.

વર્ષ ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ યુ.એન સમક્ષ મુકતા વર્ષ ૨૦૧૫થી સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણીની શરૂઆત થઈ હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રથમ સોપાનમાં ૮૪ દેશોએ ભાગીદારી નોંધાવી હતી. આજે ૧૩૦ દેશના નાગરિકોએ યોગને દૈનિક જીવનનો ભાગ બનાવ્યો છે.

## શહેરાના મોર ઊંડારા ગામના ગાયત્રી મંદિર થી રામજીના નાળ સુધીનો રસ્તો ભારે વાહનથી ચાલકો પરેશાન

શહેરા,

શહેરાના મોર ઊંડારા ગામના ગાયત્રી મંદિર થી રમજીના નાળ તરફ જવાનો રસ્તો પાછલા એક વર્ષથી ઉબડ ખાબડ બની જવા સાથે મસમોટા ખાડાઓ પડી ગયા છે. લુણાવાડા તરફ જવાનો આ ટુંકો માર્ગ હોવાથી અહીં સતત વાહનોની અવર જવર રહેવા સાથે વાહન ચાલકો માટે કમ્મરતોડ પુરવાર થઈ રહયા હોય તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા નવીન બનાવવા સાથે મરામત માટે પણ વિચાર્યુ નથી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના મોર ઊંડારા થી રમજીના નાળ થઈને લુણાવાડા તરફ જતો બે કિ.મી જેટલો રસ્તો અતિબિસ્માર હોવાથી અહી થી પસાર થતા વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહયો છે. લુણાવાડા તરફ જવાનો ટૂંકો માર્ગ હોવાથી સ્થાનિક ગામ સહિત આજુબાજુના ગામના ગ્રામજનો પણ વાહન લઈને આ રસ્તા પરથી પસાર થતા હોય છે. દિવસ અને રાત્રિ દરમિયાન નાના મોટા વાહનો ની અવર જવર રહેતી હોવા છતાં આ રસ્તાની મરામત કે નવિન બનાવવા માટે તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોય તેમ લાગે છે. બાઈક જેવા નાના વાહન ચાલકોને અહીંથી પસાર થતી વેળાએ ગણી તકલીફ પડતી હોય તેમજ આ રસ્તા પર પડેલ મસમોટા ખાડાઓના કારણે વાહનોને પણ નુકશાન થતુ હોવાથી વાહન ચાલકોનો આક્રોશ પણ તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. સ્થાનિક ગામના સરપંચ મહેશભાઈ સોમાભાઈ પગી એ તાલુકા થી લઈને જિલ્લાની લાગતી વળગતી કચેરી સુધી બિસ્માર રસ્તાને લઈને લેખિત અને મૌખિક રજૂઆત અનેક વખત કરી હોય તેમ છતાં સબંધિત તંત્ર દ્વારા આ રસ્તાની મરામત કરવામાં પણ વિચાર્યું નથી. જ્યારે તાલુકાના અનેક ગામોમાં નવિન ડામર રસ્તા બની રહયા હોય ત્યારે આ બે કિ.મી. જેટલો રસ્તો પાછલા એક વર્ષ થી મસમોટા ખાડાઓ સાથે અનેક જગ્યા એ તૂટી ગયેલ હોવા છતાં ક્યા કારણ થી સબંધિત તંત્ર દ્વારા બનાવવામાં આવતો નથી. તેવા અનેક સવાલો હાલ વાહન ચાલકો સાથે ગામના જાગૃત નાગરીકો માંથી ઉઠી રહયા છે. ઉબડ ખાબડ બનેલ રસ્તાની મરામત કે નવિન બનાવવા માટે સબંધિત તંત્ર ક્યારે વિચારશે તેતો જોવાનું જ રહયું છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

વિશ્વ યોગા દિવસે ભારત સરકાર ના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા મસ્તી કી પાઠશાળા નદીસર ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં ગોધરા તાલુકાના વિવિધ ગામોમાંથી યુવક/મહિલા મંડળ તેમજ નદીસર ગામ આજુબાજુના વિસ્તારમાં રહેતા યુવાનો જોડાયા હતા.



૮ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લામાં દરેક તાલુકા સ્થળે યોગ શિબિરનું આયોજન કરીને યોગા દિવસની ઉજવણી કરી. જેમાં મોટી સંખ્યામાં યુવાઓએ ભાગ લીધો. આ સમગ્ર કાર્યક્રમો જિલ્લા યુવા અધિકારી વિઠલ ચોરમલેના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક દ્વારા કરવામાં આવ્યા.



શહેરા તાલુકાના બાહી પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાના વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા યોગ કરવામાં આવ્યા.



કાંકણપુર સેવાશ્રમ વૃદ્ધાશ્રમ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. તેમજ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધ લોકોને એલ્ડરલાઈન-૧૪૫૬૭ વિશે માહિતી તેમજ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું.

## હાલોલ બાદશાહ બાવાની દરગાહ પાછળ મકાનમાં જુગાર રમતા ૧૨ જુગારીયાને ૧.૮૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

હાલોલ,

હાલોલ બાદશાહ બાવાની દરગાહ પાછળ આવેલ ઘરમાં જુગાર રમાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૧૨ ઈસમોને ૧,૮૦,૭૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ હેરીટેઝ હોટલ પાછળ બાદશાહ બાવાની દરગાહ પાછળ રહેતા અજરૂદ્દીન ઉર્ફે અજજુ મયુદ્દીન વાઘેલા પોતાના આર્થિક ફાયદા માટે પોતાના ઘરમાં પાના પત્તાનો જુગાર રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી આરોપીઓ મુસ્તુફા ઈસ્માઈલ બાદશાહ, સદામ મુર્તુજા કાલોલીયા, વસીમ રસુલ લીમડીયા, સુમિત ઉર્ફે બાટલો દશરથભાઈ બેલદાર, રાકેશ અંબાલાલ ભરવાડ, સુરેશ ચંદુભાઈ પરમાર, હેત રાજેન્દ્રકુમાર સોની, ધ્રુમીલ નયનભાઈ પરમાર, સાબાજ સિદ્દીકભાઈ લીમડીયા, ભરતભાઈ વિક્રમભાઈ ભરવાડ, ગોપાલ અમરસિંહ ગોહિલ, ફૈઝલ મુસ્તુફા બાગવાલાને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે અંગઝડતીમાં ૧૫,૫૯૦/-રૂપીયા દાવ ઉપર મુકેલ રૂા.૧૩,૬૬૦/- મળી કુલ ૨૯,૨૦૦/-રૂપીયા મોબાઈલ ફોન નંગ-૧૧, ત્રણ વાહનો મળી કુલ રૂપીયા ૧,૮૦,૭૫૦/-નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.


## ગોધરા રેલ્વે પોલીસે એક ઈસમને પેન્ડીંગ ગુનામાં ૩ દિવસ સુધી પકડી કોર્ટમાં રજુ નહીં કરતાં ફરિયાદ



ગોધરા,

ગોધરા રેલ્વે પોલીસ દ્વારા એક વ્યકિતને પેન્ડિંગ ગુનાના આરોપસર ઉઠાવી ૩ દિવસ સુધી કોર્ટ માં રજૂ કર્યા વિના કસ્ટડીમાં માર મારી ટોર્ચર કરવામાં આવ્યો અને તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું અમાનવીય અને ગેરકાયદેસર વર્તન કરવામાં આવ્યું હોવાની જાણ થતાં કસૂરવાર કર્મચારીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવી. આ માટે ગોધરા AIMIM કાઉન્સિલર અને શહેરપ્રમુખ જાબિર રશીદભાઈ, AIMIM કાઉન્સિલર અને વિરોધપક્ષ નેતા ફેસલ સુજેલા, AIMIM પ્રદેશ પ્રવકતા શાહફેસલ ખરાદી, AIMIM સંગઠન સભ્યો ઈરશાદ મામજી, અલ્તાફ ખોડા, મુનવ્વર મામજી, ઉમેર શહેરિયા અને કાર્યકર્તાઓ, શહેરના અસંખ્ય નામાંકિત પત્રકાર મહોદયો, સામાજિક કાર્યકર ગોપાલ ભાઈ પટેલ સહિત સામાજિક કાર્યકરો અને સ્થાનિક રહીશો દ્વારા હાજર રહી સમગ્ર ઘટના સંદર્ભે નિષ્પક્ષ તપાસ અને કાયદાકીય કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવી. આ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત દ્વારા અને ફરજ પર હાજર અધિકારીઓ દ્વારા રૂબરૂ વાતચીત કરવામાં આવતા તેમના દ્વારા યોગ્ય ન્યાયિક અને નિષ્પક્ષ તપાસના અંતે કસૂરવાર સામે કાયદાકીય પગલાં ભરવા માટે બાંહેધરી આપવામાં આવી.

## ગોધરા પરવડી ચોકડી પાસે નાકાબંધી કરી આઈસર કન્ટેનર માંથી ૧૦.૩૩ લાખના ઈંગ્લીશ દારૂ એલ.સી.બી.એ ઝડપ્યો





ગોધરા,

ગોધરા પરવડી ચોકડી પાસે એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે નાકાબંધી કરી આઈસર કન્ટેનરમાં સંતાડીને દાહોદ થી લવાતો હોય તેવી બાતમીના આધારે આઈસર માંથી વિદેશી દારૂ પેટીઓ નંગ-૧૨૩ કિંમત ૧૦,૩૩,૨૦૦/-રૂપીયા મળી રૂા.૧૫,૩૮,૨૦૦/-મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, આઈસર કન્ટેનર નંબર ડીએલ.૧.એસએક્સ. ૪૧૪૭ બંધ બોડીમાં ભારતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને દાહોદ થી ગોધરા તરફ નિકળેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે પરવડી ત્રણ રસ્તા ઉપર નાકાબંધી કરી આઈસર કન્ટેનર માંથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પકડાયેલ ઈંગ્લીશ દારૂ ઓલ સેશન્સ ગોલ્ડન રીઝર્વ વ્હસ્કી પેટીઓ નંગ-૭૫, મેકડોવેલ્સ નંબર-૧ વ્હીસ્કી કવાટરીયા પેટીઓ નંગ-૪૮ મળી ૧૦,૩૩,૨૦૦/-રૂપીયા મોબાઈલ ફોન, આઈસર મળી કુલ ૧૫,૩૮,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે જવરીલાલ રામરખજી બિસ્નોઈને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## જાંબુઘોડાના નારૂકોટ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર ત્રણ યુવાનો પૈકી બે ના મોત

જાંબુઘોડા,

બોડેલી-હાલોલ રોડ પર જાંબુઘોડા તાલુકાના નારૂકોટ ગામે હાઈવા ટ્રકે બાઈકને ટકકર મારતા બાઈક સવાર ત્રણ યુવાનો પૈકી બે યુવાનોના ઘટના સ્થળે મોત નીપજયાં હતા. જયારે એક ઈજાગ્રસ્ત યુવાનને બોડેલી સારવાર અર્થે ખસેડાયો હતો. બોડેલી તાલુકાના ઉંચાપાન ગામના યુવરાજ શૈલેષભાઈ રાઠવા (ઉ.વ.૨૯), મનીશભાઈ મુકેશભાઈ રાઠવા(ઉ.વ.૧૭, રહે.ખાંડીવાવ, તા.બોડેલી), નયનભાઈ મુકેશભાઈ રાઠવા(ઉ.વ.૧૭, રહે.નાની બેઝ તા.પાવીજેતપુર) બાઈક પર સવાર ઉંચાપનથી પાવાગઢ દર્શન અર્થે જતા હતા ત્યારે જાંબુઘોડા તાલુકાના નારૂકોટ ગામ પાસે એક હાઈવા ટ્રકએ તેઓને મોટરસાયકલને પાછળથી ટકકર મારી હતી. આ ઘટનામાં મનીશ અને નયનના માથાના ભાગે ટ્રકનુ તોતિંગ વ્હિલ ફરી જતા બંને યુવાનોના ઘટના સ્થળે જ મોત નીપજયાં હતા. જયારે યુવરાજને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે બોડેલી ખાનગી દવાખાને ખસેડાયા હતા. જયારે હાઈવા ટ્રક ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ અંગે જાંબુઘોડા પોલીસ ઘટના સ્થળે દોડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## શહેરાના નાડા ગામે પાનમ નદી માંથી રેતી ભરતા બે ટ્રેકટર ખાણ ખનિજ વિભાગે ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના નાડા ગામ પાસેથી પસાર થતી પાનમ નદીના પટમાંથી રેતી ભરતા બે ટ્રેકટરને ખાણ ખનીજ વિભાગે ઝડપી પાડ્યા હતા. ખાણ અને ખનીજ વિભાગ એ નદીમાંથી પકડી પાડેલા બે વાહનો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના નાડા ગામ પાસેથી પસાર થતી પાનમ નદીમાં લીઝ નહિ હોવા છતાં મોટા પાયે ગેરકાયદે રેતી ખનન થઈ રહયુ હતું. ખનીજ માફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે રેતીનુ ખનન કરવામાં આવતું હોવાની માહિતી જિલ્લા ખાણ ખનીજ વિભાગને પાછલા કેટલાક સમયથી હોવા છતાં આ ખનીજ ચોરી અટકાવવા માટેની કાર્યવાહી કરતા પણ ખચકાઈ રહયા હતા. દેર આયે દુરસ્ત આયે તે કહેવતને સાર્થક કરતુ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમે શહેરા પોલીસને સાથે રાખી નાડા ગામ પાસેથી પસાર થતી પાનમ નદીના પટમાં પહોંચી જઈને કાર્યવાહી હાથધરી હતી. પાનમ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ભરેલ બે ટ્રેકટરને ઝડપી પાડી શહેરા તાલુકા સેવા સદન ખાતે લાવીને કાર્યવાહી હાથ ધરી હતી. જોકે ખાણ ખનીજ વિભાગ અને પોલીસને જોઇને ટ્રેકટરના ડ્રાઈવર ટ્રેકટર મૂકી ભાગી છુટ્યા હતા. જિલ્લાનું ખાણ અને ખનીજ વિભાગ પાસે આંબાજેટી, ખાંટના મુવાડા, ખોડા, ઉમરપુર, ખાંડીયા કુણ નદીમાંથી તેમજ ચીકણી નદીમાં મોટા માથાઓ દ્વારા ખાડા પાડીને રેતી કાઢવામાં આવતી હોય તેની માહિતી હોવા છતાં આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં મુહૂર્ત દેખી રહ્યા હોય તેમ લાગી રહયુ છે.

## લીમડી નગરમાં બાઈક ચોરોની રંજાડ અનાજ માર્કેટ પાસેથી બાઈકની ચોરી

દાહોદ,

લીમડી નગરમા બાઈક ચોર ટોળકીઓનો તરખાટ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. તેવા સમયે લીમડી નગરના દાહોદ રોડ પર આવેલ અનાજ માર્કેટ નજીક રોડની સાઈડમાં લોક મારીને પાર્ક કરેલ મોટર સાયકલ બાઈક ચોર ટોળકી ધોળે દહાડે ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકાના મલવાસી ગામના નિશાળ ફળીયામાં રહેતા ચીમનભાઈ સમસુભાઈ ડામોર ગત તા. ૨૦.૧૧.૨૦૨૧ના રોજ બપોરના સમયે પોતાની જીજે.૨૦.એફ.૭૨૪૨ નંબરની રૂપિયા ૧૫૦૦૦/-ની કિંમતની મોટર સાયકલ લઈ લીમડી ગામે કામ અર્થે આવ્યા હતા અને સાંજના ચારેક વાગ્યાના સુમારે પોતાની મોટર સાયકલ દાહોદ રોડ પર આવેલ અનાજ માર્કેટ નજીક રોડની સાઈડમાં લોક મારી પાર્ક કરી અનાજ માર્કેટમા ગયા હતા અને થોડી વાર બાદ પરત બહાર આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન કોઈ બાઈક ચોર પોતાનો કસબ અજમાવી અનાજ માર્કેટ નજીક રોડની સાઈડમાં પાર્ક કરેલ ચીમનભાઈ સમસુભાઈ ડામોરની મોટર સાયકલ ચોરીને લઈ ગયો હતો.

આ સંબંધે મલવાસી ગામના નિશાળ ફળીયામા રહેતા મોટર સાયકલ માલીક ચીમનભાઈ સમસુભાઈ ડામોરે નોંધાવેલ ફરીયાદના આધારે લીમડી પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ નગર પાલિકાના વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત/ભૂમી પૂજન ધારાસભ્યના વર દહસ્તે કરવામાં આવ્યું



હાલોલ,

હાલોલ નગર પાલિકા દ્વારા વ્યવસાય વેરા ગ્રાન્ટ, સ્વર્ણિમ ગ્રાન્ટ માંથી વિવિધ કામો જેવા કે, સી.સી.રોડ, ડ્રેનેજ લાઈન,પાઈપ લાઈનો, ટોટલ ચાલીસેક કામોનું દરેક વિસ્તારમાં જુદા જુદા વોર્ડમાં અંદાજીત રકમ રૂા.૨.૩૬ (બે કરોડ છત્રીસ લાખ) રૂપિયાના વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત/ભૂમી પૂજન ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમારના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર મયુરધ્વજસિંહજી પરમાર, હાલોલ નગર પાલિકા પ્રમુખ શીતલભાઈ પટેલ, હાલોલ નગર પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રમોદસિંહ રાઠોડ, ભારતીય જનતા પાર્ટી હાલોલ નગર પ્રમુખ ડો. સંજયભાઈ પટેલ, હાલોલ નગર પાલિકા કોર્પોરેટર બંશીભાઈ ભરવાડ તેમજ નગર પાલિકા કોર્પોરેટર, વિઠ્ઠલભાઈ તથા ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારો તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.